Extra No. 201

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JUNE 20, 2025 / JYAISTHA 30, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**-ના તારીખઃ **૧૭મી ઓક્ટોબર, ૨૦૨૪** ના જાહેરનામા **ક્રમાંક: જીએચકેએચ/૧૩૯/૨૦૨૪/એસીડી/એએમઆર/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/૨૦૬૯/છ -નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Co-operative Societies Rules, 1965

ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ સુધારવા સંબંધી

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓક્ટોબર, ૨૦૨૪

ક્રમાંક: જીએચકેએચ/૧૩૯/૨૦૨૪/એસીડી/એએમઆર/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/૨૦૬૯/છ:- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૬૮ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખ: ૧૬મી ઓગસ્ટ, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૧૦૯/૨૦૨૪/એસીડી/એએમઆર/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/૨૦૬૯/છ હેઠળ, તારીખ: ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-બી-ના, પાના ૨૩૩-૧ થી ૨૩૩-૨-માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થતાં પહેલાં, વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને, સરકારે જાહેરનામાના સદરહુ મુસદ્દાના સંબંધમાં મળેલ વાંધો અને સૂચન વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા)ની કલમ ૭૫-ક સાથે વાંચતા, કલમ ૧૬૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત સહકારી મંડળી (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫માં, નિયમ ૩૪ક માં, વિદ્યમાન કોષ્ટકને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:-

કોષ્ટક

અનુક્રમાંક	**મંડળીનો વર્ગ**	**સીટીંગ ફી (બેઠક ફી)નો મહતમ દર**	**દૈનિક ભથ્થાંનો મહતમ દર**	**મુસાફરી ખર્ચા**
૧	તમામ એપેક્ષ મંડળીઓ	રૂ. ૬૦૦/-	(૧) રૂ. ૩૫૦/- અમદાવાદ શહેર માટે (૨) રૂ. ૨૦૦/- ગુજરાત રાજ્યમાં અમદાવાદ શહેર સિવાયના (શહેરો માટે)	સરકારી કર્મચારી માટે રાજ્ય સરકારના નાણા વિભાગ દ્વારા, સરકારી ઠરાવથી, વખતો વખત ઠરાવવામાં આવે તેટલા દરથી વધુ નહિ.
૨	તમામ જિલ્લા કક્ષાની સહકારી મંડળીઓ	રૂ. ૪૦૦/-	(૧) રૂ. ૨૫૦/- અમદાવાદ શહેર માટે (૨) રૂ. ૧૫૦/- ગુજરાત રાજ્યમાં અમદાવાદ શહેર સિવાયના (શહેરો માટે)	
૩	તમામ તાલુકા કક્ષાની સહકારી મંડળીઓ	રૂ. ૩૦૦	(૧) રૂ. ૨૫૦/- અમદાવાદ શહેર માટે (૨) રૂ. ૧૫૦/- ગુજરાત રાજ્યમાં અમદાવાદ શહેર સિવાયના (શહેરો માટે)	

અનુક્રમાંક	મંડળીનો વર્ગ	સીટીંગ ફી (બેઠક ફી)નો મહતમ દર	દૈનિક ભથ્થાંનો મહતમ દર	મુસાફરી ખર્ચા
૪	ઉપર (૧), (૨) અને (૩) હેઠળ આવરી લેવામાં ન આવેલી હોય, તેવી તમામ પ્રકારની સહકારી મંડળીઓ.	રૂ. ૧૦૦/-	(૧) રૂ. ૧૦૦/- અમદાવાદ શહેર માટે (૨) રૂ. ૭૫/- ગુજરાત રાજ્યમાં અમદાવાદ શહેર સિવાયના (શહેરો માટે)	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રાજેશ જોષી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.06.30 13:15:17 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar